Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-24 | October – December 2016

# ધોડિયા આદિવાસીઓના મુખ્ય તહેવારો અને તેની ઉજવણીની રીત

**પ્રસ્તાવના :**

*ધોડિયા આદિવાસીઓ દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ જિલ્લામાં, દાદરા અને નગર હવેલી, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને રાજસ્થાનમાં વસે છે, અને મહારાષ્ટ્રના મુખ્યત્વે થાણે જિલ્લામાં ધોડિયા આદિવાસીઓ વસે છે. ધોડિયા આદિવાસીઓના મૂળનિવાસ અંગે બે માન્યતાઓ છે, પ્રથમ, તેઓ ધૂળિયાથી આવ્યા હોવાનું મનાય છે તેથી તેઓ ધોડિયા તરીકે ઓળખાયા. બીજી, તેઓ ધોળકા તાલુકાનાં રાજપુતોએ અને આદિવાસી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા તેમનાં વંશજો ધોડિયા તરીકે ઓળખાયા. ધોડિયા શબ્દ ધૂન્ડીમાથી ઉતરી આવ્યો હોવાનું પણ મનાય છે. જે નાની કાચી ઝૂપડી માટે વપરાય છે, અને ધોડિયાઓ પ્રાથમિક રીતે ધૂન્ડી તરીકે ઓળખાતા ઝૂપડામાં રહેતા અને મોટા ભાગના જમીન માલિકી ધરાવતા ખેડૂતો છે. ધોડિયા લોકો પ્રાથમિક રીતે હિન્દુ ધર્મને માને છે, તેઓ હિન્દુઓના તહેવારો ઉજવે છે, દિવાળી, હોળી વગેરે. મોટાભાગના ધોડિયા લોકો કંસેરી (અન્નની દેવી) માં આસ્થા ધરાવે છે. તેઓ પાક થાય ત્યારે કંસેરી નો ઉત્સવ ઉજવે છે. હિન્દુઓ આ દેવીને 'અન્નપૂર્ણા'તરીકે ઓળખે છે, ધોડિયા લોકો દિવાસો અને વાઘબારસનો તહેવાર પણ ઉજવે છે.*

**અભ્યાસના હેતુઓ :**

- ધોડિયા આદિવાસીઓના ઇતિહાસ અંગે માહિતી મેળવવી.
- ધોડિયા આદિવાસીઓના મુખ્ય તહેવારો અને તેની ઉજવણીની રીત જાણવી.

**અભ્યાસની પધ્ધતિ:**

પ્રસ્તુત અભ્યાસમાં ધોડિયા આદિવાસીઓનો પરિચય મેળવી ધોડિયા આદિવાસીઓ દ્વારા ઉજવવામાં આવતા કેટલાક મુખ્ય તહેવારો અને તેમની ઉજવણીની વિશિષ્ટ રીતો વિષે હકીકતો પ્રાપ્ત કરવાનો આશય છે. ધોડિયા આદિવાસીઓનો પરિચય મેળવવા માટે પૂર્વે થયેલા સંશોધનો અને સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે જ્યારે પ્રાથમિક માહિતી મુલાકાત પદ્ધતિ અને નિરીક્ષણ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી છે. અભ્યાસનો વિસ્તાર દાદરા અને નગર હવેલી સંઘપ્રદેશની પસંદગી સહેતુક રીતે કરવામાં આવી છે.

**ધોડિયા આદિવાસીઓના ઇતિહાસ** :

ધોડિયા આદિવાસીઓના ઇતિહાસ અંગે કેટલીક દંતકથાઓ પ્રચલિત છે મંછારમ પટેલ “ધોડિયા જાતિ: બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ” પુસ્તકમાં નોંધે છે તેમ, એક દંતકથા અનુસાર ધોળકા-ધંધુકા તરફથી આક્રમણખોરોથી બચવા દક્ષિણ ગુજરાતમાં આવીને વસી ગયેલા લોકો ધોળકા -ધંધુકા ઉપરથી અપભ્રંશ થતાં ધોડીઆ તરીકે ઓળખાયા.

બીજી એક દંતકથા પ્રમાણે યાદવાસ્થળી પછી બચી ગયેલા યાદવોએ ઢોર ઢાંખર લઈને સ્થળાંતરીત થઈ દક્ષિણ ગુજરાતની તાન અને માન નદીઓ વચ્ચેના હરીયાળા પ્રદેશમાં વસવાટ કર્યો. તેઓ ઢોર ઢાંખરના વ્યવસયી હોવાથી ઢોર ઉપરથી અપભ્રંશ થતાં ઢોરીયા અને પાછળથી ધોડીઆ તરીકે ઓળખાયા.

વધુ પ્રચલીત ત્રીજી દંતકથા મુજબ મહારાષ્ટ્રના ધુળિયા તરફથી ધના અને રૂપા નામના બે આગેવાનો સાથે છપ્પન પરિવારોએ ગુજરાત અર્થે હીજરત કરી દક્ષિણ ગુજરાતના હરીયાળા પ્રદેશમાં વસવાટ કર્યો. ધુળીયા તરફથી આવેલ હોવાથી ધોડીઆ તરીકે ઓળખાયા. આ છપ્પન પરિવારો પ્રમાણે છપ્પન કુળ અસ્તિત્વામાં હતા, આ છપ્પન કુળ ઉપરાંત સમયાંતરે જેમનું જેવું કામ -વ્યવસાય કે જે તે અન્ય સમાજ સાથેનો નાતો તે પ્રમાણે જુદા જુદા કુળ અસ્તિત્વમાં આવ્યા હોવાનું મનાય છે. જે કુળ આજે છપ્પનથી વધીને સવા બસ્સોથી વધુ છે, જેવા કે કુંભારીયા, કચલીયા, કણબી, ખારવા, દેસાઈ, ગરાસીયા, નિતાતળીયા, વણજારીઆ, દળવી, છાહઢોળીયા, જોષી, મહેતા, બ્રાહ્મણ, ભદ્દ, નાના રજપૂત, પ્રધાન, પાંચબડીયા, બંદુકમોડયા, વાણીયા, હાથીબળીયા, વાંસફોડા, વાડવા, કોલા, ઉંચાધાડીઆ, વૈરાગી, બાહુર ગરાસીઆ, ચટની ચોભડયા વગેરે. ધોડિયા જાતિનું મૂળ દક્ષિણ ગુજરાત સાથેની બીજી જાતિઓના સંબંધ ઉપરથી માલૂમ પડતું નથી. દુબળા શબ્દ દુર્બલ શબ્દનો અપભંશ છે. તે નામ તેમની પહેલાં ચઢી આવનાર આર્યોએ આપ્યું છે. કુંકણા લોકો પુરાતન કાળમાં કોંકણના કોઈ ભાગમાંથી આવેલા હોવાથી કુંકણા કહેવાય છે. ભીલી બોલીમાં ધુન્ડીનો અર્થ છાપરું થાય છે અને બીજો અર્થ નિંદવાની ખૂરપી પણ થાય છે, પણ ધોડિયા લોકો ખાસ કરીને ધુન્ડી શબ્દ વાપરતા નથી. જો ધોડિયા લોકો આ દેશના પ્રાચીન કાળના રહેવાસી હોય તો દ્રવિડ પ્રજા તેમને “ ડોડડા” કહેતા હોયને વખત જતાં ડોડડા બદલાઈને ધોડિયા થયું હોય એવું બની શકે છે. ધોડિયા માટે ઢોડિયા શબ્દ પણ વપરાય છે.

**ધોડિયા આદિવાસીઓના તહેવારો અને તેની ઉજવણી** :

**દિવાસો** :

ધોડિયા આદિવાસીઓ મુખ્યત્વે ખેતી સાથે સંકળાયેલા છે. તેઓ ખેતીમાં વાવણી- રોપણી પરવાર્યા બાદ દિવાસો ઉજવે છે. આ દિવસે લોકો ઘરે જ રહે છે. ભાવતાં ભોજન બનાવે છે. જેમાં ધોડિયાઓની વિશિષ્ટ વાનગી ઢેખળાં બનાવવામાં આવે છે. આ દિવસે પાતરાં બનાવવામાં આવતા નથી. તેના માટે પણ એક માન્યતા છે –જો પાતરાં બનાવવામાં આવે તો બળદ રડે છે અને કહે છે :-

‘આખા વરીહ માણો ધણી ખેતરમાં મેહનત કરાવે ને પાને જ ખાવાડે..’

આ માન્યતાને લીધે દિવાસાના દિવસે પાતરાં બનાવતા નથી. તે દિવસે ખેતરમાં કામ કરતા નથી. પશુઓની પૂજા કરે છે. કુટુંબના મૃત્યુ પામેલાની એક વિધિ ખતરું મૂકવામાં આવે છે. ખતરું મૂકવાના સ્થાનકે ચોખા મૂકવામાં આવે છે અને મરઘાંની બલિ ચડાવે છે. જો કે હવે ફૂલ, નારિયેળ, અગરબત્તીથી પૂજા કરવાનું વલણ વધ્યું છે. આ ઘટના મંછારામ પટેલના અભ્યાસમાં પણ જોવા મળે છે.

ધોડિયાઓમાં જૂના સમયથી દિવાસાના દિવસે ઢીંગલા-ઢીંગલીના લગ્નનો પ્રસંગ ઉજવવાનો રિવાજ પ્રચલિત છે. ગામની બાળકીઓ ઢીંગલી અને ઢીંગલો બનાવે છે ત્યારે વડીલ સ્ત્રીઓ બનાવવામાં મદદ કરે છે. જેમાં ઢીંગલાને વર અને ઢીંગલીને કન્યા બનાવવામાં આવે છે અને શણગાર સજવામાં આવે છે. ઢીંગલાને સફેદ કપડાં અને ઢીંગલીને રંગીન કપડાં પહેરાવે છે. ધોડિયાઓની પ્રચલિત લગ્નની વિધિથી ઢીંગલા- ઢીંગલીના લગ્ન કરાવવામાં આવે છે. પીઠી પણ ચોળવામાં આવે છે. લગ્ન સંપન્ન થાય પછી ઘરમાં બનાવેલી વાનગીઓ એક પોટલીમાં બાંધી આપી વિદાયની તૈયારી કરવામાં આવે છે. બાળકીઓ ઢીંગલા- ઢીંગલીને એક ટોપલામાં મૂકે છે. ટોપલી માથા પર મૂકી નદી કિનારે લઈ જવામાં આવે છે. જતાં જતાં સ્ત્રીઓ ગીતો ગાય છે. જેમકે,

‘દયરા દિયે જાજે રા મ્હાણી ઢીંગલીબાઈ,

કોરે દિયે રખે નીઘે રા મ્હાણી ઢીંગલીબાઈ,

ગોવાળિયો આહે પાપીસ  મ્હાણી ઢીંગલીબાઈ,

ઘરેણાં ઉતારી લેઈ રા મ્હાણી ઢીંગલીબાઈ.’

આ ગીતમાં ઢીંગલીને કોરે ન બેસવાની સલાહ અપાઈ છે, જો તેમ કરશે તો ગોવાળિયા તારા ઘરેણાં ઉતારી લેશે તેવો ડર બતાવવામાં આવે છે.

બીજું એક ગીત,

‘ઢીંગલા તું જાઈ તે હળ કુણ હાંકી રા,

ઢીંગલી તું જાઈ તે છેણ કુણ લાખી રા,

ઢીંગલી તું જાઈ તે પાણી કુણ ભરી રા,

ઢીંગલી તું જાઈ તે પોરિયા કુણ ઘડી રા,’

બીજું ગીત,

‘આટલા દિવસે ગોખલામાં રમતી હતી ઢીંગલી,

આયવા છે દરિયાના તોફાન રે,

ઢીંગલી બેન તમે સહી લેજો.'

ત્રીજું ગીત,

'આજ માણા ઢીંગલડા કાં ગયા રે પો...પટડા...

આજ મારા ઢીંગલડા એ દરિયે ઓરી લીધા રે ...પો..પટડા...

આ ગીતમાં ઢીંગલો જશે તો હળ કોણ હાંકશે એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઢીંગલી જશે તો છાણ- વાસીદું કોણ કરશે, પાણી કોણ ભરશે, રોટલા કોણ ઘડશે તેવી ચિંતા પ્રશ્નોમાં રજૂ થઈ છે. નદી કિનારે પહોંચીને ઢીંગલા- ઢીંગલીની પૂજા કરવામાં આવે છે. ત્યારબાદ નદીમાં વહેવડાવી દેવાય છે. એવી માન્યતા છે કે દરિયે જઈને ઢીંગલી-ઢીંગલી દેવ-દેવી બની જાય છે. ત્યારપછી બધાં છૂટા પડી પોતપોતાને ઘરે પાછા ફરે છે.

દિવાસાના તહેવારમાં થતાં ઢીંગલા અને ઢીંગલીના લગ્નમાં કન્યાઓને આપવામાં આવતી પ્રાથમિકતા એ ભવિષ્યમાં દરેક કન્યા સાસરે જશે તે ઘટના માટે માનસિક રીતે તૈયાર કરવાનો હેતુ જણાય છે. બીજી બાબત ગામના બધા લોકો સાથે મળીને  ઢીંગલા અને ઢીંગલીના લગ્નમાં સામેલ થાય છે અને ઉત્સવ તરીકે ઉજવે છે જે ગામના લોકોના સામાજિક સંબંધોને મજબૂત બનાવવાનું સામાજિક કાર્ય કરે છે.

**વાઘબારસ** :-

ધોડિયા આદિવાસીઓ વાઘબારસને 'બારસી' કે 'બારહી' તરીકે ઓળખે છે. આ દિવસે વાઘદેવની પૂજા કરવામાં આવે છે, પ્રાર્થના કરે છે. વાઘને પશુઓની રક્ષા માટે ગામના લોકો એક ખાસ જગ્યાએ ભેગા મળીને મોળી ખીર બનાવે છે. આ દિવસે એક જીવની બલિ આપવામાં આવતી અને તેનું લોહી બધા ઢોરો ઉપર છાંટવામાં આવતું. અત્યારે દૂધમાં ચોખાનું મિશ્રણ બનાવી ઢોરો પર છાંટવામાં આવે છે. પછી મરઘી, સુરણની રસોઈ બનાવી તેમાંથી વાઘ માટે થોડું મૂકવામાં આવતું. જે વાઘ આવીને ખાય છે તેવી માન્યતા છે. આ તહેવારમાં ખિચડી અને ચોખાના લોટનાં પાનગા બનાવવામાં આવે છે અને બધાં એકજ જગ્યાએ ભેગા મળીને જમે છે. બચેલું ખાવાનું ભાગોમાં વહેંચી દરેક ઘરે મોકલવામાં આવે છે.

સમાજશાસ્ત્રીય દ્રષ્ટિએ જોવામાં આવે તો વાઘબારસનો તહેવાર આદિવાસીઓની પ્રકૃતિપૂજાનો જ એક ભાગ ગણી શકાય. ભારતના મોટાભાગના આદિવાસીઓમાં પ્રકૃતિપૂજા જોવા મળે છે. ગાયકવાડે (2014) "કોંકણી આદિવાસીઓમાં સામાજિક પરિવર્તન" પુસ્તકમાં કોંકણી આદિવાસીઓમાં પણ પ્રકૃતિપૂજાની ઘટના નોંધે છે. વાઘબારસના દિવસે જે પણ વિધિ વિધાન કરવામાં આવે છે તેમાં ધોડિયા લોકોની સામુદાયિક ભાવના દ્રષ્ટિગોચર થાય છે.

**દિવાળી** : -

ધોડિયા આદિવાસીઓ માટે દિવાળીનો તહેવાર ખૂબ જ આનંદ ઉત્સવનો બની રહે છે. આ દિવસે તેઓ દેવો અને પશુઓની પૂજા કરે છે. તે દિવસે બણભો-બણભી, માવલી દેવની પૂજા થાય છે. બણભાને સિંદુર અને બણભીને તથા માવલી દેવને કંકુથી રંગવામાં આવે છે. "ખતરિયા"ની પૂજા પણ કરવામાં આવે છે અને ઘરમાં બનેલી રસોઈમાંથી પહેલાં ખતરિયાને નૈવેદ્ય ચડાવવામાં આવે છે. ખતરિયા એટલે મૃત પૂર્વજની નિશાની તરીકે લાકડાના કોતરણી કરેલા લેમ્બચોરસ ટુકડાઓ જે ખેતરના કોઈ એક ખૂણામાં રોપવામાં આવે છે અને વાર તહેવારે તેની પૂજા-આરાધના કરી ઘરમાં બનેલી રસોઈનો પહેલો ભોગ ત્યાં નૈવેદ્ય તરીકે ચડાવે છે. આ દિવસે પાલતુ પશુઓના શિંગડાને ગેરુ રંગથી રંગવામાં આવે છે અને તેમના શરીર ઉપર ગેરુથી રંગેલા હાથની છાપ પાડવામાં આવે છે. રાત્રે 'મેરિયું' કાઢવામાં આવે છે. જેના ઘરે પશુઓ હોય તેમના ઘરે જ મેરિયું કાઢવામાં આવે છે. 'મેરિયું' કાઢવા માટે ભીંડાની લાકડીનાં એક છેડે ચાર ફાડા કરી કડવું નાનું ચીભડું કે જેને તેઓ 'ચેવટું' તરીકે ઓળખે છે તેને અરધેથી કાપી તેના બીજ કાઢી નાખી તેમાં દિવેલનો દીવો સળગાવી ભીંડાની લાકડીના ફાડામાં મૂકવામાં આવે છે. તેમાં ઘરનાં સભ્યો પૈસા નાંખે છે, પછી તે લાકડી લઈને આખા ઘરમાં તેને ફેરવતાં ગીતો ગાવામાં આવે છે –

'દિવાળીનાં મેરિયાં, હિકે હિકે પોળિયાં,

વળીએ વળીએ ઝોળિયાં, દિવાળીનાં મેરિયાં...

પાલે ઘણે કોઠિયાં, ઘણે ...દિવાળીના....

ડોબે ઘણે વાછોળે, ઘણે.....દિવાળીના...

ખાંડે મીંડે ઘર ભરાય,....દિવાળીના .....

ખોખ ખોખ ખોખલી રોગ, રારો લેતી જાય.'

આ ગીતમાં શિકામાં રોટલીઓ ખૂટે નહિ, બાળકોની ઝોળીઓથી ઘર ભરેલું રહે, અનાજની કોઠી ભરેલી રહે, ઢોર –ઢાંખરથી ઘર ભર્યું રહે તેવી પ્રાર્થના કરવામાં આવે છે. રોગો અને બિમારી દૂર રહે તેવી ઇચ્છાનું વર્ણન છે. આખા ઘરમાં મેરિયાંને ફેરવીને છાણનાં પોદળામાં ખોસી દેવામાં આવે છે. સવારે જે બાળક વહેલાં જાગે તે મેરિયાંમાં મૂકેલા પૈસા લઈ લે છે. દિવાળીમાં સગાં- વ્હાલાંને હળવા મળવાનું, નવાં કપડાં પહેરવાનું, ફટાકડા ફોડવાની પવૃત્તિઓ પણ થાય છે. દિવાળીના દિવસે ચોળાનું શાક બનાવવામાં આવે છે.

દવે (૨૦૦૫) ભારતના આદિવાસીઓમાં પૂર્વજપૂજા થતી હોવાનું નોંધે છે જે ધોડિયા આદિવાસીઓમાં પણ ટકી રહેલી જોવા મળે છે. ધોડિયા આદિવાસીઓ મૃત પૂર્વજોને પણ પોતાના તહેવારો ઉત્સવોમાં ભૂલતા નથી. દિવાળીના તહેવારમાં થતી પૂજાવિધિઓ અને પરંપરાઓ ધોડિયા આદિવાસીઓમાં કૌટુંબિક ભાવનાને મજબૂત બનાવે છે અને નવી પેઢીને પોતાની પરંપરાઓથી પરિચિત બનાવે છે. એમિલ દુર્ખાઇમ ઓસ્ટ્રેલિયાના

આદિવાસીઓમાં ગોત્રચિન્હની પૂજા કરતાં હોવાનું નોંધે છે તે રીતે ધોડિયા આદિવાસીઓ પોતાના પૂર્વજોના ચિન્હોની પૂજા કરે છે.

**હોળી અને ધૂળેટી** :

ધોડિયા આદિવાસીઓ હોળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. હોળીના દિવસે ગામમાંથી લાકડાં – છાણાં ઘાસ કરસાટી વગેરે ભેગું કરીને એક ખાસ સ્થળે લોકો ભેગા થાય છે. ગામની સ્ત્રીઓ ગીત ગાતી ગાતી દરેક ઘરેથી આરતીની થાળી લાવે છે. ગામના વડીલના ઘરેથી આવેલી આરતીથી મુહૂર્ત કરવામાં આવે છે. ગામના પુરુષો ખાડો ખોદવાની રીત કરે છે. પુરુષો ખાડો ખોદે છે અને સ્ત્રીઓ ગીત ગાય છે,

'કિયો ભાઈ મારો પારાયેં, દર ખોદેરા આંબા મોર રે...

વસંત ભાઈ મારો પારાયેં, દર ખોદેરા આંબા મોર રે..'

ત્યારપછી ખાડામાં ફૂલ, દરોઈ, સિક્કા, કંકુ, અબીલ- ગુલાલ, નારિયેળ વગેરે નાખીને પહેલું લાકડું ચાર વ્યક્તિઓ ખાડામાં મૂકે છે. દર વર્ષે મોટાભાગે તે જ જગ્યા પર હોળી સળગાવવામાં આવે છે. ત્યાર પછી અન્ય લાકડાં અને બળતણને શંકુ આકારે ગોઠવવામાં આવે છે. હોળી પરંપરાથી જે કુટુંબના સભ્યો સળગાવતા આવ્યા હોય તે જ સળગાવે છે. ગમે તે વ્યક્તિ હોળી સળગાવી શકતી નથી. હોળી સળગાવ્યા પછી ગામનાં લોકો હોળીની પૂજા ફૂલ, ચોખા, સિક્કા, કંકુ, ચણા, હારડા, આંબાના મોર વગેરે નાખીને કરે છે. પૂજા વખતે હોળીની આજુબાજુ ચાર ચક્કર લગાવવામાં આવે છે. હોળીની રાખથી ચાંદલો કરી, હોળીમાં હોમેલા નારિયેળનો પ્રસાદ ખાઈ ઘરે જાય છે. હોળીની પૂજા વખતે લોકો તૂર અને થાળી વગાડી ગીતો ગાતાં હોળીની ફરતે ફરે છે અને ગાય છે, નાચે છે :

'હોળી બાઈ આવની, કા કા લાવની,

હોળી બાઈ આવની, ખજૂર-કોપરા લાવની,

હોળી બાઈ આવની, કા કા લાવની',

આ ગીતમાં હોળીબાઈ આવી શું શું લાવી, હોળીબાઈ આવી ખજૂર- કોપરું લાવી – એવું વર્ણન કરવામાં આવ્યું છે.

હોળીના બીજા દિવસે ધૂળેટીનો તહેવાર ઉજવાય છે. સવારથી જ ધોડિયા આદિવાસીઓ પાવડર, કેસૂડાના ફૂલોનો રંગ, કાદવ, પાણી વગેરેથી એકબીજાને રંગે છે, અત્યારે બજારમાં મળતા વિવિધ રંગોનો ઉપયોગ થાય છે. ઉપરાંત ઘરે ઘરે ફરીને 'ફગવો' ઉઘરાવવામાં આવે છે. જેને 'ફાગ' પણ કહેવાય છે. ગામીત, સુરેશે (૨૦૧૪) ગામીત આદિવાસીઓમાં હોળી અને ધૂળેટીના તહેવારની ઉજવણીમાં ફાગગીતો ગાઈને 'ફાગ' ઉઘરાવવાની ઘટના નોંધે છે.

**નિષ્કર્ષ :**

ધોડિયા આદિવાસીઓ ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે ગાઢ સંબંધ ધરાવે છે તેથી તેમના તહેવારોમાં પ્રકૃતિ અને પ્રાણીઓનું ખાસ મહત્વ રહેલું છે. ધોડિયા આદિવાસીઓ દિવાસો, વાઘબારસ, દિવાળી, હોળી ઉપરાંત રક્ષાબંધન, શ્રાદ્ધ, દશેરો, ધનતેરસ, મકરસંક્રાંતિ જેવા તહેવારો પણ ઉજવે છે. જો કે આજના સમયમાં પરિવર્તનના કારણે તહેવારોની ઉજવણીની રીતોમાં બદલાવ આવેલો જોવા મળે છે છતાં તહેવારો ઉજવવાની પૂજાવિધિ અને જૂની પરંપરાઓ આજે પણ ટકી રહેલી જોવા મળે છે. તહેવારો ધોડિયા આદિવાસીઓમાં સામાજિક એકતાને ટકાવી રાખે છે અને સામુદાયિક ભાવનાને મજબૂત બનાવે છે. દિવાળીના તહેવારમાં કરવામાં આવતી પૂર્વજપૂજા તેમના પૂર્વજો પ્રત્યેની આદરની ભાવના રજૂ કરે છે. હોળીનો તહેવાર ધોડિયા આદિવાસીઓમાં સામુદાયિક ભાવનાને અને સગપણ સંબંધોને ગાઢ બનાવવાનું સામાજિકકાર્ય કરે છે.

**સંદર્ભ :**


I. પટેલ, મંછારામ.(૨૦૦૦). ધોડિયા જાતિ: બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.

II. ગાયકવાડ, એમ.એન. (2014) “કોંકણી આદિવાસીઓમાં સામાજિક પરિવર્તન.” સુરત: પોપ્યુલર પ્રકાશન.

III. દવે, હર્ષિદા. (2005). માનવશાસ્ત્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

IV. દુર્ખાઇમ, એમિલ. (1947). ધી એલિમેંટરી ફોર્મ્સ ઓફ ધી રિલિજીયસ લાઈફ. ટ્રાન્સલેટ – જે. ડબલ્યુ. સ્વાન. ફ્રી પ્રેસ, ગ્લેનકો.

V. ગામીત, સુરેશભાઈ. એસ. (2014). ગામીત આદિવાસીઓમાં સામાજિક પરિવર્તન. હિમ્મતનગર: શ્રી અવધૂત એજ્યુકેશન ટ્રસ્ટ પ્રકાશન


**********************************************************************


ગીતાબેન પાનિયાભાઈ ગામીત
આસીસ્ટન્ટ પ્રોફેસર,સમાજશાસ્ત્ર
ડૉ. એપીજે અબ્દુલ કલામ સરકારી કોલેજ
સેલવાસ.


Copyright © 2012 – 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat